# દ્વિતિય ડ્રો પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (પીપીપી) લોન:
## ક્યાં દસ્તાવેજો પ્રદાન કરવા સહિત આવક ઘટાડા અને મહત્તમ લોન રકમોની ગણતરી કેવી રીતે કરવી

નાના વેપાર પ્રબંધન (SBA), ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ સાથે પરામર્શ કરીને, દ્વિતિય ડ્રો પીપીપી લોનની તેઓની લાયકાત અને રકમનું નિર્ધારણ કરવાનાં હેતુસર તેમના આવક ઘટાડા અને પગાર ખર્ચાઓની ગણતરી કરવામાં (અને દરેક ગણતરીઓનાં સેટને સમર્થન આપવા માટે આવશ્યક હોય તેવા સંબંધિત દસ્તાવેજો) વ્યવસાયોને સહાય કરવા માટે આ માર્ગદર્શન પૂરું પાડે છે.

ઋણિયાઓ અને શાહુકારો CARES કાયદાના, આર્થિક સહાય અધિનિયમ અને પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ વચગાળાના અંતિમ નિયમોના SBAના અર્થઘટનના રૂપમાં આ દસ્તાવેજમાં પૂરા પાડવામાં આવેલા માર્ગદર્શન પર આધાર રાખી શકે છે. U. S. સરકાર ઉધાર આપનારનાં એ પીપીપી પગલાઓને પડકારશે નહીં જે આ માર્ગદર્શન,[1] અને પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ અને કાર્.વાહી કરવામાં આવી રહી હોય તે સમયે અમલમાં હોય તેવા કોઇપણ પરિણામી નિયમની પુષ્ટિ કરતા હોય.

<u>આવક ઘટાડો</u>

1. **પ્રશ્ન:** દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે લાયકાત નક્કી કરવાનાં હેતું માટે “એકંદર રસીદો” શું છે?

   **જવાબ: નફા-માટેનાં બિઝનેસ** માટે, એકંદર રસીદોમાં સામાન્ય રીતે કોઇપણ સ્વરૂપમાં પ્રાપ્ત થયેલ અથવા કોઇપણ સ્ત્રોતમાં ભોગવેલ તમામ રેવેન્યુ (સંસ્થાની એકાઉન્ટિંગ પદ્ધતિ અનુસાર, દા.ત. વાસ્તવિક અથવા રોકડ) સમાવિષ્ટ થાય છે, જેમાં ઉત્પાદનોનાં વેચાણો અથવા સેવાઓ, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાઓ, રોયલ્ટીઓ, ફી અથવા કમિશનોમાંથી રીટર્ન્સ અને એલાઉન્સ બાદ કરતા વધેલાનો સમાવેશ થાય છે નેટ મૂડીની આવક અને ખર્ચાઓને બાકાત રાખવામાં આવે છે. આ શબ્દપ્રયોગો IRS કરવેરા રીટર્ન ફોર્મ્સ પર વપરાતી અને રીપોર્ટ કરાતી વ્યાખ્યાઓનું વહન કરે છે.

   એકંદર રસીદોમાં નીચેનાનો સમાવેશ થતો <u>નથી</u>:

   - કરવેરા ઓથોરિટી માટે એકત્રિત અને તેમાં જમા કરાવેલા કરવેરાઓ જો એકંદર અથવા કુલ આવકમાં સામેલ કર્યા હોય, જેમ કે ગ્રાહકો પાસેથી એકત્રિત કરેલ સેલ્સ અથવા અન્ય કરવેરાઓ (આમાં કન્સર્ન અથવા તેનાં કર્મચારીઓ પર વસૂલવામાં આવતા કરવેરાઓનો સમાવેશ થતો નથી);

---

[1] આ દસ્તાવેજ તે જેના પર આધારિત છે તેવા કાયદાઓ અને વિનિયમોથી સ્વતંત્ર કાયદાનું બળ અને અસર વહન કરતું નથી.

- કન્સર્ન અને તેનાં સ્થાનિક અથવા વિદેશી આનુષંગિકો વચ્ચેનાં વ્યવહારોમાંથી થતી ઉપજો; અને
- ટ્રાવેલ એજન્ટ, રીએલ એસ્ટેટ એજન્ટ, એડવર્ટાઇઝિંગ એજન્ટ, કોન્ફરન્સ મેનેજમેન્ટ સર્વિસ પ્રદાતા, ફ્રેઇટ ફોર્વર્ડર અથવા કસ્ટમ્સ બ્રોકર દ્વારા અન્ય માટે એકત્રિત કરવામાં આવતી રકમો.

તમામ અન્ય વસ્તુઓ, જેવીકે પેટાઠેકેદારનાં ખર્ચાઓ, ગ્રાહકની વિનંતી પર ઠેકેદાર કરે છે તે ખરીદીઓનાં વળતરો, રોકાણ આવક, અને કર્મચારી-આધારિત ખર્ચાઓ જેવા કે પેરોલ કરવેરાઓને એકંદર રસિદોમાંથી બાકાત રાખવામાં ન આવી શકે.

**નોનપ્રોફિટ 501(c)(3) સંસ્થા, 501(c)(19) વેટેરન્સ સંસ્થા, એક લાયક નોનપ્રોફિટ ન્યુઝ સંસ્થા, એક લાયક 501(c)(6) સંસ્થા, અથવા લાયક ડેસ્ટિનેશન માર્કેટિંગ સંસ્થા માટે**, એકંદર રસીદો અર્થાત ઇન્ટર્નલ રેવેન્યુ કોડ ઑફ 1986 નાં સેક્શન 6033 નાં અર્થની અંદરની એકંદર રસીદો, જે ઉદાહરણ તરીકે, માલસામાન અથવા વેચેલી સંપત્તિનાં ખર્ચ, કામગીરીઓનાં ખર્ચ, અથવા કમાણીનાં ખર્ચાઓ, આવી રકમો ઉભી કરવા અને એકત્રિત કરવા માટેનાં સહિત કોઇપણ ખર્ચાઓ કે એક્સપેન્સ વગર તમામ સ્ત્રોતોમાંથી તેનાં વાર્ષિક એકાઉન્ટિંગ સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા પ્રાપ્ત થતી એકંદર રકમ છે. આ રીતે “એકંદર રસીદો” માં આનો સમાવેશ થાય છે, પરંતુ તેટલાથી સિમિત નથી:

(i) યોગદાનો, ભેટો, અનુદાનો તરીકે પ્રાપ્ત થયેલી એકંદર રકમ, અને આવી રકમો ઉભી કરવા અને એકત્રિત કરવાનાં ખર્ચાઓ માટે ઘટાડા વગરની તેનાં જેવી રકમો,

(ii) રકમો પ્રાપ્ત થવા સાથે સંબંધિત ખર્ચાઓ માટે ઘટાડાઓ વગર સભ્યો અથવા આનુષંગિક સંસ્થાઓ પાસેથી બાકી અથવા આકારણીઓ તરીકે પ્રાપ્ત થતી એકંદર રકમો,

(iii) બિઝનેસ પ્રવૃત્તિઓમાંથી એકંદર વેચાણો અથવા રસીદો (સંસ્થા છૂટ માટે લાયક બનતી હોય તેવા હેતુ સાથે સંબંધિત ન હોય તેવી વ્યાપાર પ્રવૃત્તિઓ, ફોર્મ 990-T પર રીપોર્ટ કરવાની આવશ્યકતા હોઇ શકે તેવી નેટ આવક અથવા ખોટ સહિત),

(iv) ખર્ચ અથવા અન્ય આધાર અને વેચાણનાં ખર્ચ માટેનાં ઘટાડા વગર સંપત્તિઓનાં વેચાણમાંથી પ્રાપ્ત થતી એકંદર રકમ, અને

(v) રોકાણની આવક તરીકે પ્રાપ્ત થતી એકંદર રકમ, જેમ કે વ્યાજ, ડિવિડન્ડ્સ, ભાડાઓ અને રોયલ્ટીઓ.

ઉધાર લેનારાનાં આનુષંગિકોની એકંદર રસીદ (અન્યથા આનુષંગિકની માફી લાગું પડતી હોય[2]) ને બિઝનેસ કન્સર્નની એકંદર રસીદો સાથે દરેક આનુષંગિકની એકંદર રસીદો ઉમેરીને ગણવામાં આવે છે.[3]

સંસ્થાનાં પ્રકાર મુજબ એકંદર રસીદોમાં શેનો સમાવેશ થાય છે તેનાં પર વધુ માહિતી માટે, નીચે વારંવાર પૂછાતા પ્રશ્ન 5 જુઓ.

2. **પ્રશ્ન:** તમામ સંસ્થા પ્રકારો માટે (દા.ત. નફા-માટેનાં બિઝનેસો અને નોનપ્રોફિટ સંસ્થાઓ), શું "એકંદર રસીદો" માફ કરવામાં આવેલી પીપીપી લોન ઉપજો (અથવા EIDL એડવાન્સ)નો સમાવેશ કરે છે?

   **જવાબ:** ના. કોઇપણ માફ કરેલ પ્રથમ ડ્રે પીપીપી લોન અથવા કોઇપણ EIDL એડવાન્સની રકમ, જે ફેડરલ ઇન્કમ ટેક્સને આધિન ન હોય, તેને "એકંદર રસીદો" માટેની ગણતરીઓમાં સમાવવામાં આવતી નથી.

3. **પ્રશ્ન:** અરજકર્તા દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે લાયક બનવા માટે ઓછામાં ઓછા 25 ટકા એકંદર રસીદોમાં ઘટાડો દર્શાવી શકે છે કે નહીં તે નિર્ધારિત કરવા માટે કયા સંદર્ભ સમયગાળાનો ઉપયોગ કરી શકાય છે?

   **જવાબ:** યોગ્ય સંદર્ભ સમયગાળો અરજકર્તા બિઝનેસમાં કેટલા સમયથી છે તેના પર આધાર રાખે છે:

---

[2] SBA ની વેબસાઇટ પર જાન્યુઆરી 6, 2021 (86 FR 3712) નાં રોજ પોસ્ટ કરેલ "બિઝનેસ લોન પ્રોગ્રામનાં અસ્થાયિ ફેરફારો, પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ દ્વિતિય ડ્રો લોન" શિર્ષક ધરાવતા ઇન્ટરિમ ફાઇનલ રૂલનાં પેટા સેક્શન (d) ને જુઓ.

[3] જો ઉધાર લેનારે 2020 દરમિયાન આનુષંગિકનું અધિગ્રહણ કર્યું હોય અથવા આનુષંગિક દ્વારા તેનું અધિગ્રહણ કરવામાં આવ્યું હોય, તો એકંદર રસીદોમાં અધિગ્રહણ કરનાર અથવા અધિગ્રહણકર્તા કન્સર્નની રસીદો સમાવે છે. આ સંકલન માત્ર આનુષંગિકતા ઉદ્ભવ્યા પછીનાં સમયગાળા માટે જ નહીં પરંતુ માપનનાં સમગ્ર સમયગાળા માટે લાગું પડે છે. જોકે, જો એક કન્સર્ન દ્વારા 2020 દરમિયાન અન્ય બિઝનેસ કન્સર્નનાં અલગ પાડી શકાતા ડિવિઝનનું અધિગ્રહણ કર્યું હતું, તો અધિગ્રહણ કરેલા ડિવિઝનની અધિગ્રહણ પહેલાની રસીદોનો સમાવેશ થતો નથી. તેની જ રીતે, ભૂતપૂર્વ આનુષંગિકની એકંદર રસીદો સામેલ કરવામાં આવતી નથી. આવા ભૂતપૂર્વ આનુષંગિકની એકંદર રસીદોની બાકાતી આનુષંગિકતા બંધ થઇ હતી ત્યારબાદનાં સમયગાળા માટે જ નહીં પરંતુ માપનનાં સમગ્ર સમયગાળા દરમિયાન લાગું પડે છે. જોકે, જો ઉધાર લેનારે 2020 દરમિયાન એક અલગ કરી શકાતા ડિવિજનને વેચી નાંખ્યો હોય, તો વેચ્યો હતો તે ડિવિઝનની રસીદોને એકંદર રસીદોમાં સામેલ કરવાનું ચાલું રહેશે. આ ફકરામાં તમામ શબ્દપ્રયોગો IRS દ્વારા તેઓ સંબંધિત અર્થો ધરાવે છે.

- નીચે સ્થાપિત શરતો પૂર્ણ કરતા સિવાયનાં તમામ અરજકર્તાઓ માટે, અરજદારેએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ કેલેન્ડર ત્રિમાસિકમાં એકંદર રસિદો 2019 નાં એકસમાન ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25 ટકા નીચી હતી. વૈકલ્પિક રીતે, અરજકર્તાઓ જો 2019 માં બિઝનેસમાં હતા તો 2019 માં વાર્ષિક એકંદર રસીદોની તુલના 2020 માં વાર્ષિક એકંદર રસીદો સાથે કરી શકે છે.
- 2019 નાં પ્રથમ અને દ્વિતિ. ત્રિમાસિકો દરમિયાન વ્યાપારમાં ન હોય તેવી, પરંતુ 2019 નાં તૃતિય અને ચતુર્થ ત્રિમાસિક દરમિયાન કામગીરીમાં રહેલી સંસ્થાઓ માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ ત્રિમાસિક દરમિયાન એકંદર રસિદો 2019 નાં તૃતિય અથવા ચતુર્થ ત્રિમાસિકમાંથી કોઇપણ એક દરમિયાન કરતા ઓછામાં ઓછી 25 ટકા ઓછી હતી.
- 2019 નાં પ્રથમ અને દ્વિતિય અને તૃતય. ત્રિમાસિકો દરમિયાન વ્યાપારમાં ન હોય તેવી, પરંતુ 2019 નાં ચતુર્થ ત્રિમાસિક દરમિયાન કામગીરીમાં રહેલી સંસ્થાઓ માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં કોઇપણ ત્રિમાસિક દરમિયાન એકંદર રસિદો 2019 નાં ચતુર્થ ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25 ટકા ઓછી હતી.
- 2019 દરમિયાન વ્યાપારમાં ન હોય તેવી, પરંતુ 15 ફેબ્રુઆરી, 2020 ના રોજ કામગીરીમાં રહેલી સંસ્થાઓ માટે, અરજદારોએ નિરૂપણ કરવું અનિવાર્ય છે કે 2020 નાં પ્રથમ, દ્વિતિય, તૃતિય અથવા ચતુર્થમાં એકંદર રસિદો 2020 નાં પ્રથમ ત્રિમાસિક કરતા ઓછામાં ઓછી 25 ટકા ઓછી હતી.

4. **પ્રશ્ન:** મારી સંસ્થાએ એકંદર રસીદોમાં ઓછામાં ઓછો 25 ટકાનો ઘટાડો જાળવી રાખ્યો તે દર્શાવવા મારે કયા દસ્તાવેજોની જરૂર છે?

   **જવાબ:** નીચે દસ્તાવેજોના પ્રાથમિક સેટ છે જેઓને અરજદારો 25 ટકાની કુલ રસીદ ઘટાડાનું પ્રમાણીકરણ કરવા પ્રદાન કરી શકે છે (ફક્ત એક જ સેટ જરૂરી છે):

   - સંસ્થા માટેનાં ત્રિમાસિક નાણાકીય સ્ટેટમેન્ટ્સ. જો નાણાકીય સ્ટેટમેન્ટ્સનું ઓડિટ કરવામાં આવતું નથી, તો અરજદારે તેઓની ચોક્કસાઇની ખાતરી કરવા નાણાકીય સ્ટેટમેન્ટનાં પ્રથમ પૃષ્ઠ પર હસ્તાક્ષર કરી તારીખ દાખલ કરવી અને અન્ય તમામ પૃષ્ઠો પર આદ્યાક્ષર કરવાની અનિવાર્યતા છે. જો નાણાકીય સ્ટેટમેન્ટ્સ ખાસ કરીને એકંદર રસીદો સમાવતી હોય તેવી લાઇન આઇટમ(ઓ) ની ઓળખ ન કરે, તો અરજકર્તાએ કઇ લાઇન આઇટમ (ઓ) એકંદર કુલ રસીદો સમાવે છે તે નોંધવું આવશ્યક છે.

- સંસ્થા સંબંધિત ત્રિમાસિકમાંથી ડિપોઝિટો તે માટેનાં ત્રિમાસિક અથવા માસિક બેન્ક સ્ટેટમેન્ટ્સ. જો તે સ્પષ્ટ ન હોય તો અરજકર્તાએ નોંધવુ અનિવાર્ય છે કે બેંક સ્ટેટમેન્ટ્સમાં યાદીગત કરવામાં આવેલી કઇ ડિપોઝિટો એકંદર રસીદો સમાવે છે (દા.ત. માલસામાન અને સેવાઓની ખરીદી માટેની ચૂકવણીઓ) અને કઇ સમાવતી નથી (દા.ત., મૂડી ઉપદ્રવણો).
- સંસ્થાનાં વાર્ષિક IRS ઇન્કમ ટેક્સ ફાઇલિંગો (જો વાર્ષિક સંદર્ભ સમયગાળાનો ઉપયોગ કરતા હોવ તો આવશ્યક છે). જો સંસ્થાએ હજી સુધી 2020 માટે ટેક્સ રિટર્ન ફાઇલ કર્યું નથી, તો અરજકર્તાએ રીટર્ન ફોર્મ્સ ભરવા, સંબંધિત એકંદર રસીદો મૂલ્યની ગણતરી કરવી (પ્રશ્ન 5 જુઓ), અને રીટર્ન પર હસ્તાક્ષર કરી તારીખ દાખલ કરવી અનિવાર્ય છે જે તે પ્રમાણિત કરીને કરવું કે એકંદર રસીદોની ગણતરીમાં દાખલ કરેલા મૂલ્યો સંસ્થાનાં કરવેરા રીટર્ન માં ફાઇલ કરવામાં આવશે.

5. **પ્રશ્ન:** જો હું એકંદર રસીદોમાં ઓછામાં ઓછો 25 ટકાનો ઘટાડો પ્રદર્શિત કરવા મારી સંસ્થાનાં વાર્ષિક ઇન્કમ ટેક્સ રીટર્નોનો ઉપયોગ કરું છું, તો એકંદર રસીદોની ગણતરી કરવા માટે મારે કઇ રકમોનો ઉપયોગ કરવો જોઇએ?

   **જવાબ:** એકંદર રસીદોની ગણતરી કરવા માટે જરૂરી રકમો સંસ્થાનાં કરવેરા રીટર્ન અનુસાર બદલાય છેે:[4]

   - ખેડૂતો અને રેન્ચરો સિવાયનાં સ્વ-રોજગાર વ્યક્તિઓ માટે (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C): લાઇન 4 અને લાઇન 7 નો સરવાળો[5]

---

[4] વિશેષ કરવેરા ફોર્મની લાઇનોમાં સામેલ નીચેનામાંથી કોઇપણને રીટર્ન પર ગણતરી અને નામાંકનમાંથી બાકાત રાખવી અનિવાર્ય છે: જો એકંદર અથવા કુલ આવકમાં સામેલ કર્યા હોય તો કરવેરા અધિકારીતાને જમા કરાવેલા અથવા તેનાં માટે એકત્રિત કરેલા કરવેરાઓ, જેમ કે સેલ્સ અથવા ગ્રાહકો પાસેથી એકત્રિત કરેલા અન્ય કરવેરાઓ અને બાબત અથવા તેનાં કર્મચારીઓ પાસેથી વસૂલવામાં આવેલા બાકાત કરવેરાઓ; બાબત અને તેનાં સ્થાનિક અથવા વિદેશી આનુષંગિકો વચ્ચે થયેલી લેવડદેવડોમાંથી થતા ઉપાર્જનો; અને ટ્રાવેલ એજન્ટ, રીઅલ એસ્ટેટ એજન્ટ, એડવર્ટાઇઝિંગ એજન્ટ, કોન્ફરન્સ મેનેજમેન્ટ સેવા પ્રદાતા, માલસામાન મોકલનાર અથવા કસ્ટમ્સ બ્રોકર દ્વારા અન્ય માટે એકત્રિત કરવામાં આવેલી રકમો. ખાસ કરીને, એવા કરવેરા રીટર્ન માટે કે જેમાં આવક તરીકે વેચાણવેરાનો સમાવેશ થાય છે અને પછી કપાત તરીકે, રીટર્નની “કરવેરાઓ અને લાયસન્સ” લાઇનની બાજુમાં આવકમાં સામેલ કરી હતી તેવી આવી કરવેરાઓની રકમની નોંધ કરી હોય.

[5] જો તમે તે ફોર્મ 1040 પર બહુવિધ શેડ્યૂલ C ફોર્મ્સ ફાઇલ કરો, તો તમારે તે તમામમાં સામેલ કરી સરવાળો કરવો અનિવાર્ય છે.

- સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરો માટે (IRS ફોર્મ 1040 શેડ્યૂલ F): લાઇનો 1b અને 9 નો સરવાળો
- પાર્ટનરશિપો માટે (IRS ફોર્મ 1065): લાઇનો 2 અને 8 નો સરવાળો, ઓછા લાઇન 6[6]
- S-કોર્પોરેશનો માટે (IRS ફોર્મ 1120-S): લાઇનો 2 અને 6 નો સરવાળો, ઓછા લાઇન 4[7]
- C-કોર્પોરેશનો માટે (IRS ફોર્મ 1120): લાઇનો 2 અને 11 નો સરવાળો, ઓછા લાઇન 8 અને 9 નો સરવાળો
- નોનપ્રોફિટ સંસ્થાઓ માટે (IRS ફોર્મ 990): પાર્ટ VIII ની લાઇનો 6b(i), 6b(ii), 7b(i), 7b(ii), 8b, 9b, 10b, અને 12 (કોલમ (A)) નો સરવાળો
- નોનપ્રોફિટ સંસ્થાઓ માટે (IRS ફોર્મ 990-EZ): પાર્ટ I ની લાઇનો 5b, 6c, 7b, અને 9 નો સરવાળો.
- LLCs દ્વારા સંદર્ભ સમયગાળાઓમાં તેઓનાં ટેક્સ ફાઇલિંગ સ્ટેટસને લાગું પડતી સૂચનાઓનું પાલન કરવું જોઇએ.

6. **પ્રશ્ન:** $150,000 કરતા વધારે દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમ માટે હું અરજી કરૂં છું. મારે ક્યારે એકંદર રસીદોમાં ઘટાડાનું પ્રતિપાદન કરવા દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર પડે છે?

   **જવાબ:** $150,000 કરતા વધારેની દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમ માટે, અરજકર્તાએ તેનાં દ્વિતિય ડ્રો બોરોઅર એપ્લિકેશન ફોર્મ (SBA ફોર્મ 2483-SD અથવા ઉધાર આપનારનાં તેને સમતુલ્ય ફોર્મ) સાથે એકંદર રસીદોમાં ઘટાડાનું પ્રતિપાદન કરતા દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે. દસ્તાવેજો એપ્લિકેશનમાં પ્રદાન કરેલી રકમોનું સમર્થન કરતા હોવા જોઇએ.

7. **પ્રશ્ન:** $150,000 અથવા ઓછી દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમ માટે હું અરજી કરૂં છું. મારે ક્યારે એકંદર રસીદોમાં ઘટાડાનું પ્રતિપાદન કરવા દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર પડે છે?

   **જવાબ:** $150,000 અથવા ઓછી દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમ માટે, ઉધાર લેનારે ઉધાર લેનાર દ્વારા લોન માફી માંગણીનાં સમયે (અથવા SBA ની વિનંતી પર) અથવા પહેલા એકંદર રસીદોમાં ઘટાડાનું પ્રતિપાદન કરતા દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે.

---

[6] જો બિનશૂન્ય હોય તો, તમારે ફોર્મ 1065 શેડ્યૂલ K લાઇનો 3a, 5, 6a, 7 અને 11 તેમજ ફોર્મ 8825 લાઇન 2 સામેલ કરવી જરૂરી છે.

[7] જો બિનશૂન્ય હોય તો, તમારે ફોર્મ 1120-S શેડ્યૂલ K લાઇનો 3a, 4, 5a, 6 અને 10 તેમજ ફોર્મ 8825 લાઇન 2 સામેલ કરવી જરૂરી છે.

દસ્તાવેજો બન્ને સંદર્ભ ત્રિમાસિકોની સ્પષ્ટ રીતે ઓળખ કરતા હોવા જોઇએ (જો વાર્ષિક તુલનાઓનો ઉપયોગ ન કરતા હોય), બન્ને ત્રિમાસિકો માટેની એકંદર રસીદોની રકમો સમાવતા હોવા જોઇએ, અને પ્રદાન કરેલી રકમોને સમર્થિત કરતા હોવા જોઇએ. (હજું પણ દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન સાથે વિનંતી કરેલી લોનની રકમનું પ્રતિપાદન કરતા પેરોલ દસ્તાવેજો પ્રદાન કરવા અનિવાર્ય છે, વધુ માહિતી માટે આ દસ્તાવેજમાં વારંવાર પૂછાતા પ્રશ્નોનો આગામી સેટ જુઓ.)

8. **પ્રશ્ન:** જો મારી સંસ્થા એવા નાણાકીય વર્ષનાં આધાર પર કરવેરાઓ ફાઇલ કરે છે જે કેલેન્ડર વર્ષથી અલગ હોય તો શું હું ઇન્કમ ટેક્સ રીટર્ન્સ સાથે એકંદર રસીદોમાં મારા ઘટાડાને દસ્તાવેજીત કરી શકું છું?

   **જવાબ:** કરવેરા ભરવા માટે નાણાકીય વર્ષનો ઉપયોગ કરનારી સંસ્થાઓ માત્ર તો જ ઇન્કમ ટેક્સ રીટર્નો સાથે એકંદર રસીદોમાં ઘટાડો દસ્તાવેજીત કરી શકે છે જો તેઓનાં નાણાકીય વર્ષમાં કેલેન્ડર વર્ષનાં દ્વિતિય, તૃતિય અને ચતુર્થ ત્રિમાસિકોમાંથી તમામનો સમાવેશ થતો હોય (એટલે કે, નાણાકીય વર્ષની શરૂઆતની તારીખ ફેબ્રુઆરી 1, માર્ચ 1, અથવા એપ્રિલ 1 હોય).

9. **પ્રશ્ન:** જો હું લોનની રકમની ગણતરી કરવા માટે શેડ્યૂલ C અને શેડ્યૂલ F બંનેમાંથી એકંદર આવકનો ઉપયોગ કરવા માટે લાયક સ્વ-રોજગાર વ્યક્તિ હોઉ તો, હું કેવી રીતે દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે એકંદર રસીદમાં ટકા ઘટાડાની ગણતરી કરી શકુ?

   **જવાબ:** તમારા શેડ્યૂલ F બિઝનેસની એકંદર રસીદો માટે સાથે તમારા શેડ્યૂલ C બિઝનેસની એકંદર રસીદો ઉમેરો અને તમે પસંદ કરો તે સંદર્ભ સમયગાળા માટે (ત્રિમાસિક અથવા વાર્ષિક) તમારા શેડ્યૂલ C અને શેડ્યૂલ F બિઝનેસની રસીદો માટે તમારી એકંદર રસીદોના સરવાળા સામે તેની સરખામણી કરો.

## મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમો

આ માર્ગદર્શન લોનની રકમોની ગણતરી કરવા માટે વપરાતા પેરોલ ખર્ચાઓ નક્કી કરવા માટે સંદર્ભ સમયગાળા તરીકે કેલેન્ડર વર્ષ 2019 નો ઉપયોગ કરીને પેરોલ ખર્ચાઓને વર્ણવે છે. તેમ છતાં, ઉધાર લેનારાઓને તેઓની દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી માટે કેલેન્ડર વર્ષ 2019 અથવા કેલેન્ડર વર્ષ 2020 માંથી કોઇ એક માંથી પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરવાની

પરવાનગી આપવામાં આવે છે.[8] IRS પત્રકો સહિતનાં દસ્તાવેજો પસંદ કરાયેલા સંદર્ભ સમયગાળા માટે પૂરા પાડવા અનિવાર્ય છે. જો ઉધાર લેનાર તેનાં પ્રથમ ડ્રો પીપીપી લોન માટે ઉપયોગમાં લીધેલા સમાન ઉધાર આપનાર અને સમાન પેરોલ ટાઇમફ્રેમનો ઉપયોગ કરો છે અને ઉદાર લેનારને અગાથી જ આવશ્યક પેરોલ દસ્તાવેજો સબમિટ કરી ચૂક્યા હોય, તો દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન સાથે કોઇ વધારાનાં પેરોલ દસ્તાવેજો સબમિટ કરવાની આવશ્યકતા નથી.

1. **પ્રશ્ન:** હું સ્વ-રોજગાર ધરાવું છું અને કોઇ કર્મચારીઓ ધરાવતો નથી. જો હું નેટ પ્રોફિટનો ઉપયોગ કરું તો મારી મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી મારે કેવી રીતે કરવી? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

   **જવાબ:** તમે સ્વતંત્ર ઠેકેદાર હો અથવા એકમાત્ર માલિકી ચલાવતા હો અને નેટ પ્રોફિટનો ઉપયોગ કરો (પરંતુ જો તમે ભાગીદારીમાં ભાગીદાર હોવ તો નહીં) તે સહિત, જો તમારું નિવાસ સ્થાન યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય અને જો તમે સ્વ-રોજગાર ધરાવતા હો અને તમારી પાસે કોઈ કર્મચારી કામ કરતો ન હોય, તો ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

   - **પગલું 1:** તમારી 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 31 નેટ પ્રોફિટ રકમ શોધો.[9] જો આ રકમ $100,000થી વધુ હોય, તો તેને $100,000 સુધી ઘટાડો. જો આ રકમ શૂન્ય અથવા ઓછી હોય, તો તમે પીપીપી લોન માટે પાત્ર નથી.
   - **પગલું 2:** સરેરાશ માસિક ચોખ્ખા નફાના રકમની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).
   - **પગલું 3:** પગલું 2 માંની સરેરાશ માસિક ચોખ્ખા નફાની રકમનો 2.5 સાથે ગુણાકાર કરો.[10]

[8] પેરોલ ખર્ચાઓનાં તમામ ઘટકો એકસમાન કેલેન્ડર વર્ષમાંથી હોવા અનિવાર્ય છે. માત્ર એવા કર્મચારીઓ માટે આવરીત લાભો સહિત પેરોલ ખર્ચાઓ સામેલ કરી શકાય છે જેઓનું રહેઠાણનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય.

[9] જો તમે 2020 પેરોલ રકમોનો ઉપયોગ કરી રહ્યા હોવ અન તમેે હજું સુધી 2020 રીટર્ન પૂર્ણ ન કર્યું હોય, તો તે ભરો અને મૂલ્યની ગણતરી કરો.

[10] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટર (NAICS કોડ 72) માં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન B પર રીપોર્ટ કરેલ બિઝનેસ અધિનિયમિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

અરજી કરાયેલ- દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C પૂરું પાડવું જરૂરી છે. તમે ફેબ્રુઆરી 15, 2020ના રોજ કાર્યરત હતાં તે બતાવતું 2020નું ઇન્વૉઇસ, બેંક સ્ટેટમેન્ટ, અથવા રેકોર્ડ બુક અને તમે 2019માં સ્વ-રોજગાર હતાં તે બતાવતું બિન કર્મચારી વળતર પ્રાપ્ત (બૉક્સ 7), IRS ફોર્મ 1099-K, ઇન્વૉઇસ, બેંક સ્ટેટમેન્ટ, અથવા રેકોર્ડ બુકની વિગતો આપતું 2019 IRS ફોર્મ 1099-MISC પણ તમને પૂરું પાડવું પડશે.

2. **પ્રશ્ન:** હું સ્વ-રોજગાર ધરાવું છું અને કોઇ કર્મચારીઓ ધરાવું છું. જો હું નેટ પ્રોફિટનો ઉપયોગ કરું તો મારી મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ($2 મિલિયન સુધી) ગણતરી મારે કેવી રીતે કરવી? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

**જવાબ:** તમે સ્વતંત્ર ઠેકેદાર હો અથવા એકમાત્ર માલિકી ચલાવતા હો અને તમે નેટ પ્રોફિટનો ઉપયોગ કરો (પરંતુ જો તમે ભાગીદારીમાં ભાગીદાર હોવ તો નહીં) તે સહિત, જો તમે કર્મચારીઓ સાથે સ્વ-રોજગાર ધરાવતા હો, તો ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** નીચે આપેલ ઉમેરીને તમારા 2019 પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
  - 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 31 નેટ પ્રોફિટ રકમ;[11]
    - જો આ રકમ $100,000થી વધુ હોય, તો તેને $100,000 સુધી ઘટાડો;
    - જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય પર સેટ કરો;
  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા તમારા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
    - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),

[11] જો તમે 2020 પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરી રહ્યા હોવ અને હજું સુધી 2020 રીટર્ન પૂર્ણ ન કર્યું હોય, તો તે ભરો અને મૂલ્યની ગણતરી કરો.

- વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
- ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;

- કર્મચારી જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા  માટે 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 14 નો હિસ્સો તે યોગદાનોને અનુલક્ષીને છે);
- કર્મચારી નિવૃત્તિ યોજનાઓમાં 2019 નિયોક્તાનું યોગદાન (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 19); અને
- કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.

- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓના રકમની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).
- **પગલું 3:** પગલું 2માંની સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની રકમનો 2.5 સાથે ગુણાકાર કરો.[12]

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અથવા જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના દસ્તાવેજીકરણ સાથે તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C, IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે.

---

[12] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન B પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

3. **પ્રશ્ન:** હું એક સ્વરોજગાર ખેડૂત અથવા રેન્ચર છું જે પોતાની આવકની રિપોર્ટ IRS ફોર્મ 1040 શેડ્યૂલ F પર કરે છે. શેડ્યૂલ Cની જગ્યાએ મારે કયું દસ્તાવેજીકરણ પૂરું પાડવું પડશે અને મારી ($2 મિલિયન સુધીની) મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનની રકમની ગણતરી કેવી રીતે કરવી પડશે?

   **જવાબ:** સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરોએ (તા.ક. જેઓ (તા.ક. જેઓ IRS ફોર્મ 1040 શેડ્યૂલ 1040 અને શેડ્યૂલ F ફાઇલ કરે છે અને પછી IRS ફોર્મ 1040 શેડ્યૂલ 1 પર શેડ્યૂલ F આવક રીપોર્ટ કરતા હોય) શેડ્યૂલ C ની અવેજમાં IRS ફોર્મ 1040 શેડ્યૂલ F નો ઉપયોગ કરવો જોઇએ.

   કર્મચારીઓ વગરનાં સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરો માટેની ગણતરી કર્મચારીઓ નહીં ધરાવતા શેડ્યૂલ C ફાઇલ કરનારાઓને સમાન છે, અપવાદ એટલો છે કે લોનની રકમનું નિર્ધારણ કરવા માટે શેડ્યૂલ C લાઇન 31 (નેટ પ્રોફિટ) ને બદલે શેડ્યૂલ F લાઇન 9 (એકંદર આવક) નો ઉપયોગ કરવો જોઇએ.

   કર્મચારીઓ ધરાવતા સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરો માટેની ગણતરી કેટલાક અપવાદો સાથે કર્મચારીઓ ધરાવતા શેડ્યૂલ C ફાઇલ કરનારાઓને સમાન છે. પ્રથમ, શેડ્યૂલ C લાઇન 31 (નેટ પ્રોફિટ) ની જગ્યાએ, શેડ્યૂલ F લાઇન 9 (એકંદર આવક) અને શેડ્યૂલ F લાઇનો 15, 22 અને 23 નાં સરવાળાનાં વચ્ચેનાં તફાવતનો (કર્મચારી પેરોલ માટે) ઉપયોગ કરવો જોઇએ. દ્વિતિય, શેડ્યૂલ C પરની તે સંબંધિત લાઇનોની જગ્યાએ કર્મચારી જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો (તે યોગદાનો માટે સંબંધ ધરાવતો શેડ્યૂલ F લાઇન 15 નો હિસ્સો) અને કર્મચારી નિવૃત્તિ યોગદાનો માટે નોકરીપ્રદાતાનાં યોગદાનો (શેડ્યૂલ F લાઇન 23) નો ઉપયોગ કરવો જોઇએ.

   દસ્તાવેજોની આવશ્યકતાઓ શેડ્યૂલ C ફાઇલ કરનારાઓને સમાન છે ફરક માત્ર એટલો છે કે IRS ફોર્મ 1040 શેડ્યૂલ C ની જગ્યાએ દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન સાથે 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ 1 અને શેડ્યૂલ F સામેલ કરવા અનિવાર્ય છે. વધુમાં, કર્મચારીઓ ધરાવતા ખેડૂતો અને રેન્ચરો માટે, લાગું પડતા અનુસાર IRS ફોર્મ 941 ઉપરાંત, અથવા તેનાં સ્થાને IRS ફોર્મ 943 પ્રદાન કરવું જોઇએ.

4. **પ્રશ્ન:** દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે ભાગીદારીઓ કેવી રીતે લાગુ પડે છે અને ભાગીદારીઓ માટે ($2 મિલિયન સુધી) મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનની રકમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે? શું ભાગીદારોની સ્વ રોજગાર આવક વ્યવસાય એન્ટિટી લેવલ દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન પર અથવા દરેક ભાગીદાર માટેના અલગ દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન પર સામેલ કરવી જોઈએ? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

   **જવાબ:** ભાગીદારીઓ માટે ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ (ભાગીદારોની સ્વરોજગારની આવક ભાગીદારીની પીપીપી લોન એપ્લિકેશન પર સામેલ હોવી જોઈએ, વ્યક્તિગત ભાગીદારો અલગ અલગ પીપીપી લોન માટે એપ્લિકેશન કરી શકશે નહીં):

   - **પગલું 1:** નીચે આપેલ ઉમેરીને 2019 પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
     - સ્વ-રોજગાર કરવેરાને આધિન હોય તેવી વ્યક્તિગત U. S.-સ્થિત જનરલ પાર્ટનરશીપનાં સ્વ-રોજગારમાંથી 2019 શેડ્યૂલ K-1 (IRS ફોર્મ 1065) નેટ કમાણીઓ, ગુણ્યા 0.9235,[13] પાર્ટનર દીઠ $100,000 સુધી:[14]
       - IRS ફોર્મ 1065 શેડ્યૂલ K-1 નાં બૉક્સ 14, કોડ A માંથી સ્વ-રોજગાર કરવેરાને આધિન હોય તેવી વ્યક્તિગત U. S.-સ્થિત જનરલ પાર્ટનરશીપનાં સ્વ-રોજગારમાંથી થતી નેટ કમાણીઓની ગણતરી કરો અને તેમાંથી બાદ કરો (i) બોક્સ 12 માં દાવો કરેલ કોઇપણ કલમ 179 ખર્ચ કપાત; (ii) દાવો કરેલ બિન ભરપાઈ કરેલ ભાગીદારી ખર્ચાઓ; અને (iii) ઓઇલ અને ગેસ ગુણધર્મો પર દાવો કરેલ કોઇપણ અવક્ષય.
         - જો પાર્ટનર માટે આ રકમ $100,000થી વધુ હોય, તો તેને $100,000 સુધી ઘટાડો;

---

[13] આ સારવાર IRS ફોર્મ 1040 શેડ્યૂલ SE કલમ A લાઇન 4માંના સ્વ-રોજગાર કરની ગણતરીને અનુસરે છે અને ભાગીદારીમાં કર્મચારીઓ માટેના પેરોલ ખર્ચાઓ કેવી રીતે નક્કી કરવામાં આવે છે તેની સાથે સુસંગત, સ્વ રોજગાર કરના "નિયોક્તા"ના શેરને કાઢી નાખે છે.

[14] જો પાર્ટનરશીપ 2020 પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરતી હોય અને 2020 માટે ફોર્મ 1065 હજું સુધી પૂર્ણ ન કરવામાં આવ્યું હોય, તો તે ફોર્મ ભરો.

      - જો પાર્ટનર માટે આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય પર સેટ કરો;

  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ (જો કોઇ હોય), $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:

    - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),

    - વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,

    - ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;

  - કર્મચારી (પરંતુ પાર્ટનર નહીં) જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટે 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો, જો કોઇ હોય (IRS ફોર્મ 1065 લાઇન 19 નો હિસ્સો તે યોગદાનોને અનુલક્ષીને છે);

  - કર્મચારી (પરંતુ પાર્ટનર નહીં) નિવૃત્તિ યોજનાઓમાં 2019 નિયોક્તાનું યોગદાન, જો કોઈ હોય, તો (IRS ફોર્મ 1065 લાઇન 18); અને

  - કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી), જો કોઈ હોય તો, પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.

- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).

- **પગલું 3:** પગલું 2માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો.[15]

અરજી કરેલી દ્વિતિય ડ્રો પીપીપી લોનની રકમ પ્રતિપાદિત કરવા માટે પાર્ટનરશીપનું 2019 IRS ફોર્મ 1065 (K-1s સહિત) પ્રદાન કરવું અનિવાર્ય છે. પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અથવા જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા યોગદાનોના રેકોર્ડ્સ સાથે 2019 IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) સહિત, જો ભાગીદારીમાં કર્મચારીઓ હોય તો અન્ય સંબંધિત સહાયક દસ્તાવેજીકરણ પૂરું પાડવું પડે છે. જો ભાગીદારીમાં કર્મચારીઓ હોય, તો તે તારીખે ભાગીદારી કાર્યરત હતી અને તેમાં કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે. જો ભાગીદારીમાં કોઈ કર્મચારી ન હોય, તો તેના બદલે 15 ફેબ્રુઆરી, 2020ના રોજ ભાગીદારી કાર્યરત હતી તે બતાવતું કોઈ ઇનવૉઇસ, બેંક સ્ટેટમેન્ટ અથવા રેકોર્ડ બુક પ્રદાન કરવું જરૂરી છે.

5. **પ્રશ્ન:** S કોર્પોરેશન્સ અને C કોર્પોરેશન્સ માટે ($2 મિલિયન સુધી) મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનના રકમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

**જવાબ:** S અને C કોર્પોરેશન્સ સહિતના કોર્પોરેશન્સ માટે ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** નીચે આપેલ ઉમેરીને 2019 પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા તમારા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
    - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),

[15] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1065 શેડ્યૂલ C લાઇન C પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

- વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
- ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;

- જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટે 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો (IRS ફોર્મ 1120 લાઇન 24 અથવા IRS ફોર્મ 1120-S લાઇન 18 નો હિસ્સો તે યોગદાનોને અનુલક્ષીને છે);[16]
- 2019 નિયોક્તા નિવૃત્તિ યોગદાનો (IRS ફોર્મ 1120 લાઇન 23 અથવા IRS ફોર્મ 1120-S લાઇન 17); અને
- કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.

- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).
- **પગલું 3:** પગલું 2માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો..[17]

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે ફાઇલ કરેલા વ્યવસાય કર રિટર્ન (IRS ફોર્મ 1120 અથવા IRS 1120-S) અથવા કોઈપણ નિવૃત્તિ અને જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના અન્ય દસ્તાવેજીકરણ સાથે કોર્પોરેશનનું 2019 IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર

[16] નોંધ લો કે બિઝનેસમાં 2 ટકા કરતા વધારે હિસ્સાની માલિકી ધરાવતા હોય તેવા (અથવા આવા માલિકાનોાં પરિવારનાં સભ્યો હોય તેવા કર્મચારીઓ) S-કોર્પોરેશનો માટે જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો આ આંકડામાં સામેલ કરવામાં આવતા નથી કારણ કે આવા યોગદાનોનો અગાઉ એકંદર વેતનોમાં સમાવેશ કરવામાં આવ્યો હોય છે.

[17] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1120 શેડ્યૂલ K લાઇન 2A (IRS ફોર્મ 1120-S આઇટમ B) પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે.

**6.** **પ્રશ્ન:** પાત્ર બિનનફાકારક સંસ્થાઓ માટે ($2 મિલિયન સુધી) મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનના રકમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

**જવાબ:** પાત્ર બિનનફાકારક સંસ્થાઓ (પાત્ર બિનનફાકારક ધાર્મિક સંસ્થાઓ, અથવા IRS ફોર્મ 990 ફાઇલ કરવાની આવશ્યકતા વગરની અન્ય પાત્ર નોનપ્રોફિટ્સ માટે, આગળનો પ્રશ્ન જુઓ) માટે ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** નીચે આપેલ ઉમેરીને 2019 પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા તમારા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
    - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),
    - વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
    - ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;

  - જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટે 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો (IRS ફોર્મ 990 ભાગ IX લાઇન 9 નો હિસ્સો તે યોગદાનોને અનુલક્ષીને છે);
  - 2019 નિયોક્તા નિવૃત્તિ યોગદાનો (IRS ફોર્મ 990 ભાગ IX લાઇન 8); અને
  - કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.

- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).

- **પગલું 3:** પગલું 2માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો.[18]

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે ફાઇલ કરેલા IRS ફોર્મ 990 ભાગ IXઅથવા અથવા કોઈપણ નિવૃત્તિ અને જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના અન્ય દસ્તાવેજીકરણ સાથે નોનપ્રોફિટ સંસ્થાનું 2019 IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે. પાત્ર બિનનફાકારક કે જે IRS ફોર્મ 990-EZ ફાઇલ કરતા હોય તેઓએ તે ફોર્મ પર આધાર રાખવો જોઇએ અને જેઓ IRS ફોર્મ 990 અથવા 990-EZ ફાઇલ કરતા નથી, ખાસ કરીને $50,000 કરતા ઓછી એકંદર આવક ધરાવતા લોકોએ, આગામી પ્રશ્ન જોવો જોઈએ.

7. **પ્રશ્ન:** પાત્ર બિનનફાકારક ધાર્મિક સંસ્થાઓ, પીઢ સંસ્થાઓ અને આદિજાતિ ઉદ્યોગો માટે ($2 મિલિયન સુધી) મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનના રકમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

[18] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 990 પાર્ટ VII પર, લાઇન 2A નજીક રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કૉડ 72 સાથે શરૂ થાય.

**જવાબ:** પાત્ર બિનનફાકારક ધાર્મિક સંસ્થાઓ, પીઢ સંસ્થાઓ અને આદિજાતિ ઉદ્યોગો માટે ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** નીચે આપેલ ઉમેરીને 2019 પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
    - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),
    - વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
    - ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ U. S. બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;
  - જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમાનાં 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો;
  - 2019 નિયોક્તા નિવૃત્તિ યોગદાનો અને
  - કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.
- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો).
- **પગલું 3:** પગલું 2માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો.[19]

[19] જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટર (NAICS કોડ જે 72 સાથે શરૂ થતો હોય, દા.ત. હોટેલ, રેસ્ટોરન્ટ, બાર)માં હોય તો ગુણ્યા 3.5.

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અને જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના દસ્તાવેજીકરણ સાથે સંસ્થાનું 2019 IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે.

**8.** **પ્રશ્ન:** હું એક LLC માલિક છું. સૂચનોનો કયો સેટ મારા પર લાગુ થાય છે?

**જવાબ:** LLCs દ્વારા  પેરોલ ખર્ચાઓ (2019 અથવા 2020) ગણવા માટે વપરાતા સંદર્ભ સમયગાળામાં—દા.ત, LLC એ સંદર્ભમાં એકમાત્ર માલિક, પાર્ટનરશીપ, અથવા કોર્પોરેશન તરીકે ફાઇલ કર્યું હતું (અથવા ફાઇલ કરશે) કે નહીં, તેમાં તેઓનાં કરવેલા ફાઇલ કરવાનાં સ્ટેટસને લાગું પડતી સૂચનાઓનું પાલન કરવું જોઇએ.

**9.** **પ્રશ્ન:** અરજી કરેલ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરવા માટે વપરાતા પેરોલ ખર્ચાઓ પ્રતિપાદિત કરવાનાં હેતુ માટે અરજકર્તા અન્ય ક્યાં દસ્તાવેજો પ્રદાન કરી શકે છે?

**જવાબ:** IRS ફોર્મ 941ની જગ્યાએ, અરજકર્તા IRS ફોર્મ W-2s અને IRS ફોર્મ W-3 અથવા ત્રિમાસિક અને વાર્ષિક કર રિપોર્ટ્સ સહિત, પેરોલ પ્રોસેસર રિપોર્ટ્સ પ્રદાન કરી શકે છે. વધુમાં, વાર્ષિક IRS ફોર્મ 944 ફાઇલ કરતા ખુબ નાના બિઝનેસો અથવા વાર્ષિક IRS ફોર્મ 943 ફાઇલ કરતા કૃષિ નોકરીપ્રદાતાઓએ3 ફાઇલ કરતા કૃષિ નોકરીપ્રદાતાઓએ IRS ફોર્મ 941 નાં બદલે IRS ફોર્મ 944 અથવા IRS ફોર્મ 943 પર આધાર રાખવો જોઇએ અને પ્રદાન કરવા જોઇએ.

નોકરીપ્રદાતાનાં નિવૃત્તિ યોગદાનોનું દસ્તાવેજીકરણ કરવા માટે અરજકર્તા નિવૃત્તિ એડમિનિસ્ટ્રેટર પાસેથી રેકોર્ડ્સ પ્રદાન કરી શકે છે. નોકરીપ્રદાતાનાં આરોગ્ય વીમાનાં યોગદાનોનું દસ્તાવેજીકરણ કરાવવા માટે અરજકર્તા આરોગ્ય વીમા કંપની અથવા તૃતિય-પક્ષનાં એડમિનિસ્ટ્રેટર પાસેથી સેલ્ફ-ઇન્શ્યુર્ડ પ્લાન માટે રેકોર્ડ્સ પણ પ્રદાન કરી શકે છે.

**10. પ્રશ્ન:** 15 ફેબ્રુઆરી, 2020 પહેલાના સંપૂર્ણ એક વર્ષના સમયગાળા માટે કામગીરીમાં ન હોય તેવા કોર્પોરેશન અથવા નોનપ્રોફિટ માટે મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોનની રકમની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

**જવાબ:** ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** 2019 અથવા 2020 માં પ્રથમ કામગીરીમાં હોય ત્યારથી કેલેન્ડર વર્ષ 2020 ની સમાપ્તિસુધી નીચેનાનો ઉમેરો કરીને કુલ પેરોલ ખર્ચાઓની ગણતરી કરો:
  - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા તમારા કર્મચારીઓને ચૂકવેલા એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી વાર્ષિક, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
    - બિઝનેસ કાર્યરત હતો તેવા દરેક ત્રિમાસીક માંથી IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),
    - વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
    - ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $8,333 કરતા વધારે એવી કોઇપણ રકમ અને 2020 માં કામગીરીમાં મહિનાઓની સંખ્યા, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;
  - જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમાનાં 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો;[20]

[20] નોંધ લો કે બિઝનેસમાં 2 ટકા કરતા વધારે હિસ્સાની માલિકી ધરાવતા હોય તેવા (અથવા આવા માલિકાનોાં પરિવારનાં સભ્યો હોય તેવા કર્મચારીઓ) S-કોર્પોરેશનો માટે જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો આ આંકડામાં સામેલ કરવામાં આવતા નથી કારણ કે આવા યોગદાનોનો અગાઉ એકંદર વેતનોમાં સમાવેશ કરવામાં આવ્યો હોય છે.

  - નિયોક્તા નિવૃત્તિ યોગદાનો; અને
  - કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.
- **પગલું 2:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (2019 છી 2020 ની સમાપ્તિ સુધીનાં કામગીરીમાં રહેલા મહિનાઓની સંખ્યા વડે પગલા 1 માં રહેલી રકમને વિભાજીત કરો).
- **પગલું 3:** પગલું 2માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો.[21]

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અને જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના દસ્તાવેજીકરણ સાથે સંસ્થાનું IRS ફોર્મ 941s અને સંસ્થા કાર્યરત હતી તેવા દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે.

**11. પ્રશ્ન:** હું સ્વ-રોજગાર (અથવા પાર્ટનરશીપ) છું અને ફેબ્રુઆરી 15, 2020 નાં રોજ કાર્યરત હતો, પરંતુ ફેબ્રુઆરી 15, 2020 પહેલાનાં સંપૂર્ણ એક-વર્ષનાં સમયગાળા માટે કાર્યરત ન હતો. મેં 2020 માટે ફોર્મ 1040 શેડ્યૂલ C અથવા શેડ્યૂલ F (અથવા ફોર્મ 1065) ફાઇલ કર્યું હતું અથવા ફાઇલ કરીશ. મારી દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરવા માટે મારે ક્યાં સંદર્ભ સમયગાળાનો ઉપયોગ કરવો જોઇએ?

**જવાબ:** આ કેસમાં, તમારી મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી રકમ 2019 થી કેલેન્ડર વર્ષ 2020 ની સમાપ્તિ સુધીનાં તમે કામગીરીમાં હતા તેવા મહિનાઓની સંખ્યાનાં આધાર પર સરેરાશ માસિક પેરોલ છે, જેમાં વાર્ષિક ધોરણ પર $100,000 કરતા વધારે ખર્ચાઓનો સમાવેશ કરવામાં આવતો નથી.

---

[21] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં ઇન્કમટેક્સ ટેક્સ રીટર્ન (ફોર્મ 1120 શેડ્યૂલ K લાઇન 2A કોર્પોરેશનો માટે, ફોર્મ 1120-S આઇટમ B S-કોર્પોરેશનો, અને ફોર્મ 990 પાર્ટ VIII, લાઇન 2A બાજુમાં નોનપ્રોફિટ માટે) પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

- **પગલું 1:** સમગ્ર 2019 (જો તે વર્ષ કામગીરીમાં હોય) અને 2020 ઇન્કમ ટેક્સ રીટર્ન્સમાં લાગું પડતા કુલ માલિકનાં વળતરની ગણતરી કરો:[22]
  - **સ્વ-રોજગાર શેડ્યૂલ C ફાઇલ કરનારાઓ કે જેઓ નેટ પ્રોફિટનો** ઉપયોગ કરે છે (તેમની પાસે કર્મચારી હોય કે નહીં તેને ધ્યાનમાં રાખ્યા વગર) તેમના માટે, તે ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 31 નાં નેટ પ્રોફિટનાં મૂલ્યનો સરવાળો છે.
    - જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય સેટ કરો;
  - જેમની પાસે કર્મચારી ના હોય તેવા **સ્વ-રોજગાર શેડ્યૂલ C ફાઇલ કરનારાઓ કે જેઓ એકંદર આવકનો ઉપયોગ કે છે તેમના માટે**, તે ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 7 ની એકંદર આવકનો સરવાળો છે.
    - જો આ રકમ શૂન્ય અથવા શૂન્યથી ઓછી હોય, તો તમે દ્વિતિય ડ્રો પીપીપી લોન માટે લાયક નથી.
  - કર્મચારીઓ ધરાવતા **શેડ્યૂલ C ફાઇલ કરનારા સ્વ-રોજગાર વ્યક્તિઓ કે જેઓ એકંદર આવકનો ઉપયોગ કરે છે તેમના માટ**ે, તે ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 7 પરની એકંદર આવક અને ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇનો 14, 19 અને 26 નાં સરવાળામાંથી કર્મચારીઓનાં પેરોલ ખર્ચાઓ વચ્ચેનાં તફાવતનો સરવાળો છે.[23]
    - જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય સેટ કરો;
  - **કર્મચારીઓ નહીં ધરાવતા સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરો માટે**, તે ફોર્મ 1040 શેડ્યૂલ F લાઇન 9 ની એકંદર આવકનાં મૂલ્યનો સરવાળો છે.
  - **કર્મચારીઓ ધરાવતા સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચરો માટે**, તે ફોર્મ 1040 શેડ્યૂલ F લાઇન 9 પરની એકંદર આવક અને ફોર્મ 1040 શેડ્યૂલ F લાઇનો 15, 22 અને 23 નાં સરવાળામાંથી કર્મચારીઓનાં પેરોલ ખર્ચાઓ વચ્ચેનાં તફાવતનો સરવાળો છે.
    - જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય સેટ કરો.

---

[22] જો તમે તમારા લાગું પડતા 2020 રીટર્નની ગણતરી કરી ન હોય, તો તેને ભરો.

[23]અન્ય કોઇપણ કર્મચારી પેરોલ ખર્ચ કે જેની જાણ કરેલી નથી પરંતુ લાઇન 28 કુલ ખર્ચમાં સામેલ કરેલ છે તે પણ અવશ્યપણે એકંદર આવકમાંથી બાદ કરવામાં આવશે.

- **પાર્ટનરશીપો** માટે, તે સ્વ-રોજગાર કરવેરાને આધિન હોય તેવી વ્યક્તિગત U. S.-સ્થિત જનરલ પાર્ટનરશીપનાં સ્વ-રોજગારમાંથી શેડ્યૂલ K-1 (IRS ફોર્મ 1065) નેટ કમાણીઓનો સરવાળો ગુણ્યા 0.9235 છે.
  - IRS ફોર્મ 1065 શેડ્યૂલ K-1 નાં બૉક્સ 14, કોડ A માંથી સ્વ-રોજગાર કરવેરાને આધિન હોય તેવી વ્યક્તિગત U. S.-સ્થિત જનરલ પાર્ટનરશીપનાં સ્વ-રોજગારમાંથી થતી નેટ કમાણીઓની ગણતરી કરો અને તેમાંથી બાદ કરો (i) બોક્સ 12 માં દાવો કરેલ કોઇપણ કલમ 179 ખર્ચ કપાત; (ii) દાવો કરેલ બિન ભરપાઈ કરેલ ભાગીદારી ખર્ચાઓ; અને (iii) ઓઇલ અને ગેસ ગુણધર્મો પર દાવો કરેલ કોઇપણ અવક્ષય. જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય સેટ કરો.

- **પગલું 2:** જો પગલા 1 પરથી રકમ $8,333 અને 2019 થી 2020 ની સમાપ્તિ સુધીનાં કામગીરીમાં રહેલા મહિનાઓની સંખ્યનાં ગુણાકાર કરતા મોટી હોય, તો તે મૂલ્યને સેટ કરો.
  - **પાર્ટનરશીપો** માટે, આ ટોચ મર્યાદા દરેક જનરલ પાર્ટનર માટે અલગથી લાગું પડે છે.
- **પગલું 3:** જો સંસ્થા કર્મચારીઓ ધરાવે છે, તો <u>FAQ 10 પગલું 1</u> પરની સૂચનાઓનું પાલન કરીને ગણેલી રકમ દાખલ કરો, અન્યથા 0 દાખલ કરો.
- **પગલું 4:** સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 2 અને 3 સાથે ઉમેરો અને પછી તેનાં સરવાળાને 2019 થી 2020 ની સમાપ્તિ સુધીનાં કામગીરીમાં રહેલા મહિનાઓની સંખ્યા વડેે વિભાજીત કરો).
- **પગલું 5:** પગલું 4માંના સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓનો 2.5 સાથે ગુણાકાર કરો.[24]

અરજી કરેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમનું પ્રતિપાદન કરવા માટે 2019 (જો લાગું પડતું હોય) અને 2020 માંથી લાગું પડતા ઇન્કમ ટેક્સ રીટર્ન (ફોર્મ 1040 શેડ્યૂલ C, ફોર્મ 1040 શેડ્યૂલ F, અથવા ફોર્મ 1065 (K-1s સહિત)) પ્રદાન કરવા અનિવાર્ય છે. જો તમે કર્મચારીઓ

[24] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને સૌથી તાજેતરનાં ઇન્કમટેક્સ ટેક્સ રીટર્ન (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન B સ્વ-રોજગારો માટે કે જેઓ ખેડૂતો કે રેન્ચરો ન હોય અને ફોર્મ 1120-S આઇટમ B પાર્ટનરશીપો માટેે) પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

ધરાવતા હતા, તો અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અને જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના દસ્તાવેજીકરણ સાથે તમારું IRS ફોર્મ 941s અને સંસ્થા કાર્યરત હતી તેવા દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. આ ઉપરાંત, તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે. જો તમે કોઇ કર્મચારી ધરાવતા ન હતા, તો તેના બદલે 15 ફેબ્રુઆરી, 2020ના રોજ તમે કાર્યરત હતા તે બતાવતું કોઈ ઇનવૉઇસ, બેંક સ્ટેટમેન્ટ અથવા રેકોર્ડ બુક પ્રદાન કરવું જરૂરી છે.

**12.** **પ્રશ્ન:** મારી પ્રથમ ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરતી વખતે જો મેં અગાઉનાં 12 મહિનાઓમાંથી પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કર્યો હતો, તો શું હું મારા દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરવા માટે તે આંકડાઓનો ઉપયોગ કરવાનું ચાલું રાખી શકું છું?

**જવાબ:** ના, પ્રથમ ડ્રો પીપીપી લોન પહેલાનાં ચોક્કસ 12-મહિનાનાં સમયગાળામાથી પેરોલ ખર્ચાઓને દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરવા માટે ઉપયોગમાં લઇ શકાતા નથી. પોતાની પ્રથમ ડ્રો પીપીપી લોન રકમની ગણતરી કરતી વખતે અગાઉનાં 12 મહિનાઓમાંથી પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કર્યો હતો તેવા કોઇપણ ઉધાર લેનાર તેનાં દ્વિતિય ડ્રો પીપીપી લોનની રકમની ગણતરી કરવા માટે કેલેન્ડર વર્ષ 2019 અથવા કેલેન્ડર વર્ષ 2020 પેરોલ ખર્ચાઓનો ઉપયોગ કરી શકે છે.[25] પોતાની પ્રથમ ડ્રો પીપીપી લોન રકમ માટે કેલેન્ડર વર્ષ 2019 નો ઉપયોગ કર્યો હતો તેવા ઉધાર લેનાર તેમ કરવાનું ચાલું રાખી શકે છે.

**13.** **પ્રશ્ન:** જો મારા બિઝનેસનાં સૌથી તાજેતરમાં ફાઇલ કરેલા ઇન્કમ ટેક્સ રીટર્ન પર બિઝનેસ એક્ટિવિટી કૉડ લાઇન ખાલી છોડવામાં આવી હતી તો શું હું મારી દ્વિતિય ડ્રો પીપીપી લોન એપ્લિકેશન પર NAICS કૉડ 72 દાખલ કરી શકું છું?

---

[25] ઉધાર લેનારાઓ કે જેઓ સ્વ-રોજગાર ન હોય (સ્વતંત્ર માલિક અને સ્વતંત્ર ઠેકેદારો સહિત) તેઓને પણ જો તેઓ 2019 અથવા 2020 નો ઉપયોગ નહીં કરવાનું પસંદ કરે તો પેરોલ ખર્ચાઓની ગણતરી કરવા માટે જે તારીખ પર દ્વિતિય ડ્રો લોન કરવામાં આવી હોય તે તારીખ પહેલાનાં સચોટ 1-વર્ષનાં સમયગાળાનો ઉપયોગ કરવાની અનુમતિ છે.

**જવાબ:** જો તમારા ટેક્સ રીટર્નમાંથી આ લાઇન માટેની એન્ટ્રી ખૂટતી હોય, તો તમારે તમારા બિઝનેસની પ્રાથમિક બિઝનેસ પ્રવૃત્તિ માટે સૌથી વધારે લાગું પડતો ઇન્ડસ્ટ્રી કૉડ રીપોર્ટ કરવો જોઇએ. જો તમારે બિઝનેસ એકોમોડેશન એન્ડ ફૂડ સર્વિસીસ સેક્ટર (દા.ત. હોટેલ, રેસ્ટોરન્ટ, બાર) માં હોય, તો તમે માત્ર 72 સાથે શરૂ થતો NAICS કૉડ તો જ રીપોર્ટ કરી શકો છો જો તમે આવે વૈકલ્પિક દસ્તાવેજો સાથે આનું પ્રતિપાદન કરી શકતા હોવ, જેમ કે લોકલ સરકારો દ્વારા જારી કરવામાં આવેલી પરવાનગીઓ અથવા લાયસન્સો જે આ સેક્ટર માટે અનન્ય હોય.

**14.** **પ્રશ્ન:** આરોગ્ય વીમા માટેનાં પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો ઉપરાંત, ફ્રિન્જ લાભો માટે અન્ય ક્યાં પૂર્વ-કરવેરા યોગદાનો છે જે કર્મચારી એકંદર ચૂકવણીનાં ભાગ હોય તેવા IRS ફૉર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ માંથી બાકાત રાખવામાં આવી શક્યા હોય?

**જવાબ:** ફ્લેક્સિબલ સ્પેન્ડિંગ એરેન્જમેન્ટ્સ (FSA) માટેની ચૂકવણીમાંથી કર્મચારી યોગદાનો અને કપાતો અથવા સેક્શન 125 કાફેટેરિયા પ્લાન અંતર્ગત અન્ય બિનકરવેરાપાત્ર લાભો, ક્વૉલિફાઇડ ટ્રાન્ઝિટ અથવા પાર્કિંગ લાભો ($270 પ્રતિ માસ સુધી), અને જૂથ જીવન વીમો ($50,000 નાં કવરેજ સુધી માટે) ને IRS ફૉર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખવામાં આવી શકે છે. જોકે, નિવૃત્તિ યોજનાઓમાં કરવેરા-પૂર્વેનાં કર્મચારી યોગદાનોને કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાં સામેલ કરવામાં આવે છે અને એકંદર ચૂકવણી પર આવવા માટે તે આંકડામાં ઉમેરવા ન જોઇએ.

**15.** **પ્રશ્ન:** જ્યારે મહત્તમ લોન રકમનાં હેતુઓ માટે તેનાં પેરોલ ખર્ચાઓ, પીપીપી લોનનાં માન્ય ઉપયોગો, અને માફ કરવામાં આવી શકે તેવી લોનની રકમ નક્કી કરતી વખતે ઉધાર લેનારે કેવી રીતે ફેડરલ કરવેરાઓની ગણતરી કરવી જોઇએ?

**જવાબ:** પેરોલ ખર્ચાઓને ફેડરલ કરવેરાઓ લાગું પાડવામાં આવે અથવા રોકવામાં આવે તેને લક્ષ્યમાં લીધા વગર ગ્રોસ આધાર પર ગણવામાં આવે છે, જેમ કે કર્મચારીઓ અને નોકરીપ્રદાતાઓનો ફેડરલ ઇન્શ્યુરન્સ કન્ટ્રિબ્યુશન એક્ટ (FICA) નો હિસ્સો અને આવક વેરાઓને કર્મચાકીઓની ચૂકવણીમાંથી રોકવાની આવશ્યકતા રહે છે. પરિણામે, કર્મચારી પર લગાડવામાં આવતા કરવેરાઓથી પેરોલ ખર્ચાઓમાં ઘટાડો થતો નથી અને નોકરીપ્રદાતા દ્વારા રોકવામાં આવે છે. પરંતુ પેરોલ ખર્ચાઓમાં પેરોલ કરવેરાનાં નોકરીપ્રદાતાનાં હિસ્સાનો સમાવેશ થતો નથી. ઉદાહરણ તરીકે, એવા કર્મચારીનાં વેતનો જે $4,000 પ્રતિ માસ કમાતો હતો જેમાંથી $500 ફેડરલ કરવેરાઓમાં રોકી રાખવામાં

આવતો, જે પેરોલ ખર્ચાઓમાં $4,000 તરીકે ગણવામાં આવશે. જોકે, વેતનમાં $4,000 પર નોકરીપ્રદાતા-તરફી ફેડરલ પેરોલ કરવેરાઓ લગાડવામાં આવ્યા હોય તેને કાનૂન અંતર્ગત પેરોલ ખર્ચાઓમાંથી બાકાત રાખવામાં આવે છે.[26]

**16.** **પ્રશ્ન:** શું કોર્પોરેટ ગ્રુપ પ્રાપ્ત કરી શકે તે દ્વિતિય ડ્રો પીપીપી લોનની ડોલર રકમ પર કોઇ મર્યાદા છે?

**જવાબ:** હા, એકસમાન કોર્પોરેટ ગ્રુપનો હિસ્સો હોય તેવા બિઝનેસો કુલ $4 મિલિયન કરતા વધારે રકમમાં દ્વિતિય ડ્રો પીપીપી લોન પ્રાપ્ત કરી શકતા નથી. આ મર્યાદાનાં હેતુઓ માટે, બિઝનેસો સિંગલ કોર્પોરેશન ગ્રુપનાં ભાગ ગણાય છે જો તેઓ એક કોમન પેરેન્ટ દ્વારા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મેજોરિટી માલિકી હેઠળ હોય.

**17.** **પ્રશ્ન:** હું સ્વ-રોજગાર ધરાવું છું અને કોઇ કર્મચારીઓ ધરાવતો નથી. જો હું એકંદર આવકનો ઉપયોગ કરું તો મારી મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ગણતરી મારે કેવી રીતે કરવી?

**જવાબ:** તમે સ્વતંત્ર ઠેકેદાર હો અથવા એકમાત્ર માલિકી ચલાવતા હો (પરંતુ જો તમે ભાગીદારીમાં ભાગીદાર હોવ તો નહીં; જુઓ પ્રશ્ન #4) અને તમે એકંદર આવકનો ઉપયોગ કરો તે સહિત, જો તમારું નિવાસ સ્થાન યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય અને જો તમે સ્વ-રોજગાર

---

[26] કેર્સ (CARES) અધિનિયમ, 15 U.S.C. 636(a)(36)(A)(viii) માં "પેરોલ ખર્ચાઓ" ની 636(a)(36)(A)(viii), "લાગુ કરેલા કરવેરા અથવા આવરિત સમયગાળા દરમિયાન 1986ના ઇન્ટરનલ રેવેન્યૂ કોડના ચેપ્ટર્સ 21, 22 અથવા 24 અંતર્ગત માન્ય રાખવામાં આવેલા કરવેરા" બાકાત રાખે છે. ઉપર વર્ણવ્યા અનુસાર, SBA આ કાનૂની બાકાતીનો એવો અર્થ કરવા અર્થઘટન કરે છે કે કર્મચારી પર લગાડવામાં આવેલા ફેડરલ કરવેરા કે કર્મચારીનાં વેતનોમાંથી રોકી રાખવામાં આવેલા ફેડરલ કરવેરાઓ બાદ કર્યા વગર પેરોલ ખર્ચાઓ ગ્રોસ આધાર પર ગણવામાં આવે છે. નોકરીપ્રદાતા-તરફી પેરોલ કરવેરાઓથી વિપરીત, આવા કર્મચારી-તરફી કરવેરાઓ સામાન્ય રીતે કર્મચારી ઘર પર લઇ જાય તે પગારમાં ઘટાડા તરીકે પ્રદર્શિત કરવામાં આવે છે; પેરોલ ખર્ચાઓની વ્યાખ્યામાંથી તેઓની બાકાતી અર્થાત કર્મચારી પર લગાડવામાં આવતા કે કર્મચારીનાં વેતનોમાંથી રોકી રાખવામાં આવતા કરવેરાઓનાં આધાર પર પેરોલ ખર્ચાઓ ઘટાડવા ન જોઇએ. આ અર્થઘટન કાનૂનનાં લખાણ સાથે સાતત્યપૂર્ણ છે અને કામદારોને ચૂકવણી કરવામાં આવતી રહે અને નોકરી ચાલું રહે તેની ખાતરી કરવાનાં કાયદાકીય હેતુંને આગળ વધારે છે. વધુમાં, ઉધાર લેનારની મહત્તમ લોન રકમ નક્કી કરવાનો સંદર્ભ સમયગાળો વ્યાપક રીતે અને સંપૂર્ણ રીતે સમયગાળા પૂર્વેનો હોવાથી, અને એવો સમયગાળો જે દરમિયાન ઉધાર લેનારાઓ લોનનાં માન્ય ઉપયોગ પરનાં નિયંત્રણોને આધીન હશે, લોનનાં માન્ય ઉપયોગોનાં અને લોન માફીની રકમનાં નિર્ણય લેવાનાં હેતુઓ માટે, આ કાનૂની બાકાતી જે તે સમયે લાગું કરેલા અથવા રોકી રાખવામાં આવેલા આવા કરવેરાઓનાં સંબંધ સાથે લાગું પડશે, માત્ર આવા સમયગાળા દરમિયાન જ નહી.

ધરાવતા હો અને તમારી પાસે કોઈ કર્મચારી કામ કરતો ન હોય, તો ઉધાર લઈ શકાય તેવી મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 7 એકંદર આવકની રકમ શોધો.[27] જો આ રકમ શૂન્ય અથવા ઓછી હોય, તો તમે પીપીપી લોન માટે પાત્ર નથી.
- **પગલું 2:** સરેરાશ માસિક એકંદર આવકની રકમની ગણતરી કરો (પગલું 1માંની રકમને 12 વડે ભાગો). જો આ રકમ $8,333.33થી વધુ હોય, તો તેને $8,333.33 સુધી ઘટાડો;
- **પગલું 3:** પગલું 2 માંની સરેરાશ માસિક એકંદર આવકની રકમનો 2.5 સાથે ગુણાકાર કરો.[28]

અરજી કરાયેલ- દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C પૂરું પાડવું જરૂરી છે. તમે ફેબ્રુઆરી 15, 2020ના રોજ કાર્યરત હતાં તે બતાવતું 2020નું ઇન્વૉઇસ, બેંક સ્ટેટમેન્ટ, અથવા રેકોર્ડ બુક અને તમે 2019માં સ્વ-રોજગાર હતાં તે બતાવતું બિન કર્મચારી વળતર પ્રાપ્ત (બૉક્સ 7), IRS ફોર્મ 1099-K, ઇન્વૉઇસ, બેંક સ્ટેટમેન્ટ, અથવા રેકોર્ડ બુકની વિગતો આપતું 2019 IRS ફોર્મ 1099-MISC પણ તમને પૂરું પાડવું પડશે.

**18.** **પ્રશ્ન:** હું સ્વ-રોજગાર ધરાવું છું અને કોઇ કર્મચારીઓ ધરાવું છું. જો હું એકંદર આવકનો ઉપયોગ કરું તો મારી મહત્તમ દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમની ($2 મિલિયન સુધી) ગણતરી મારે કેવી રીતે કરવી? (નોંધી લો કે પીપીપી લોનની માફીની રકમો, ભાગ રૂપે, પીપીપી લોનના વિતરણ પછીનાં આવરીત સમયગાળા દરમિયાન ખર્ચવામાં આવેલી કુલ રકમ પર આધારિત રહેશે.)

**જવાબ:** તમે સ્વતંત્ર ઠેકેદાર હો અથવા એકમાત્ર માલિકી ચલાવતા હો (પરંતુ જો તમે ભાગીદારીમાં ભાગીદાર હોવ તો નહીં; જુઓ પ્રશ્ન #4) અને એકંદર આવકનો ઉપયોગ કરો તે સહિત, જો તમે કર્મચારીઓ સાથે સ્વ-રોજગાર ધરાવતા હો, તો ઉધાર લઈ શકાય તેવી

[27] જો તમે 2020 પેરોલ રકમોનો ઉપયોગ કરી રહ્યા હોવ અન તમેે હજું સુધી 2020 રીટર્ન પૂર્ણ ન કર્યું હોય, તો તે ભરો અને મૂલ્યની ગણતરી કરો.

[28] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટર (NAICS કૉડ 72) માં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન B પર રીપોર્ટ કરેલ બિઝનેસ અધિનિયમિવિટી કૉડ 72 સાથે શરૂ થાય.

મહત્તમ રકમની ગણતરી કરવા માટે નીચેની પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ:

- **પગલું 1:** તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 7 એકંદર આવકની રકમ શોધો.[29] ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 14, 19 અને 26માંથી સરવાળો કરેલ 2019 કર્મચારી ખર્ચ બાદ કરો.[30] જો આ રકમ શૂન્ય કરતા ઓછી હોય, તો આ રકમ શૂન્ય પર સેટ કરો.
- **પગલું 2:** પગલું 1માંથી એકંદર આવકની રકમને 12 વડે ભાગો. જો આ રકમ $8,333.33થી વધુ હોય, તો તેને $8,333.33 સુધી ઘટાડો;
- **પગલું 3:** આના સરવાળાની ગણતરી કરો:
    - જેઓનું નિવાસનું પ્રમુખ સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ હોય તેવા તમારા કર્મચારીઓને ચૂકવેલા 2019 એકંદર વેતનો અને ટિપ્સ, $100,000 પ્રતિ કર્મચારી સુધી, જેને આનો ઉપયોગ કરીને ગણી શકાય છે:
        - દરેક ત્રિમાસીક માંથી 2019 IRS ફોર્મ 941 કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સ (લાઇન 5c-કોલમ 1),
        - વત્તા કરવેરાપાત્ર મેડિકેર વેતનો અને ટિપ્સમાંથી બાકાત રાખેલા કોઇપણ આરોગ્ય વીમા માટે પૂર્વ-કરવેરા કર્મચારી યોગદાનો અથવા અન્ય ફ્રિન્જ લાભો,
        - ઓછા (i) કોઇપણ વ્યક્તિગત કર્મચારીને ચૂકવેલી $100,000 કરતા વધારે એવી કોઇપણ રકમ, અને (ii) જેઓનું પ્રમુખ નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર હોય તેવા કોઇપણ કર્મચારીઓને ચૂકવેલી કોઇપણ રકમો;

---

[29] જો તમે 2020 રકમોનો ઉપયોગ કરી રહ્યા હોવ અને હજું સુધી 2020 રીટર્ન પૂર્ણ ન કર્યું હોય, તો આવશ્યક હિસ્સાઓ ભરો અને મૂલ્યોની ગણતરી કરો.

[30] અન્ય કોઇપણ કર્મચારી પેરોલ ખર્ચ કે જેની જાણ કરેલી નથી પરંતુ લાઇન 28 કુલ ખર્ચમાં સામેલ કરેલ છે તે પણ અવશ્યપણે એકંદર આવકમાંથી બાદ કરવામાં આવશે.

- કર્મચારી જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ અને દાંતનાં વીમા માટે 2019 નોકરીપ્રદાતાનાં યોગદાનો (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 14 નો હિસ્સો તે યોગદાનોને અનુલક્ષીને છે);
- કર્મચારી નિવૃત્તિ યોજનાઓમાં 2019 નિયોક્તાનું યોગદાન (IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન 19); અને
- કર્મચારી વળતર, મુખ્યત્વે રાજ્ય બેરોજગારી વીમા કર (રાજ્ય ત્રિમાસિક વેતન રિપોર્ટિંગ ફોર્મ્સમાંથી) પર આકારેલ 2019 નિયોક્તા રાજ્ય અને સ્થાનિક કર.

- **પગલું 4:** કર્મચારીઓ માટે સરેરાશ માસિક પેરોલ ખર્ચાઓની ગણતરી કરો (પગલું 3માંની રકમને 12 વડે ભાગો).
- **પગલું 5:** પગલું 2 અને પગલું 4માંથી રકમનો સરવાળો કરો અને 2.5 વડે ગુણો.[31]

અરજી કરાયેલ-દ્વિતિય ડ્રો પીપીપી લોન રકમને પ્રતિપાદિત કરવા માટે કોઈપણ નિવૃત્તિ અથવા જૂથ આરોગ્ય, જીવન, અપંગતા, દ્રષ્ટિ, અને દાંતનાં વીમા યોગદાનોના દસ્તાવેજીકરણ સાથે તમારું 2019 IRS ફોર્મ 1040 શેડ્યૂલ C, IRS ફોર્મ 941 અને દરેક ત્રિમાસમાંથી રાજ્ય ત્રિમાસિક વેતન બેરોજગારી વીમા કર રિપોર્ટિંગ ફોર્મ (અથવા સમકક્ષ પેરોલ પ્રોસેસર રેકોર્ડ્સ અથવા IRS વેતન અને કરવેરા નિવેદનો) પૂરા પાડવા પડે છે. તે તારીખે તમે કાર્યરત હતાં અને તમારી પાસે કર્મચારીઓ હતાં તે બતાવતું 15 ફેબ્રુઆરી, 2020ને આવરી લેતું વેતનની અવધિમાંનું પેરોલનું નિવેદન અથવા સમાન દસ્તાવેજીકરણ પ્રદાન કરવું જરૂરી છે.

**19.** **પ્રશ્ન:** જો હું ખેતર અથવા રેન્ચની આવકને LLC, લાયક સંયુક્ત સાહસ અથવા ભાગીદારી તરીકે જાણ કરું તો, હું લોનની રકમ નિર્ધારિત કરવા માટે એકંદર આવકનો ઉપયોગ કરી શકુ?

[31] ગુણ્યા 3.5 જો તમારો બિઝનેસ એકોમોડેશન અને ફૂડ સર્વિસ સેક્ટરમાં હોય અને તમારા સૌથી તાજેતરનાં IRS ફોર્મ 1040 શેડ્યૂલ C લાઇન B પર રીપોર્ટ કરેલ બિઝનેસ એક્ટિવિટી કોડ 72 સાથે શરૂ થાય.

**જવાબ:** ફક્ત જેઓ તેમના ફોર્મ 1040 સાથે IRS ફોર્મ 1040 શેડ્યૂલ F ફાઇલ કરતા હોય અને IBR ફોર્મ 1040 શેડ્યૂલ 1 પર શેડ્યૂલ F ખેતરની આવકની જાણ કરતા હોય તેવા સ્વ-રોજગાર ખેડૂતો અને રેન્ચર્સ લોનની રકમ નિર્ધારિત કરવા માટે એકંદર આવકનો ઉપયોગ કરી શકે છે. IRS દ્વારા વ્યાખ્યાયિત એકલ સભ્ય LLC અને લાયક સંયુક્ત સાહસ કે જે,[32] ફોર્મ 1040 સાથે શેડ્યૂલ F ફાઇલ કરે તે તેમની લોનની રકમ નિર્ધારિત કરવા માટે એકંદર આવકનો ઉપયોગ કરી શકે છે. લાયક સંયુક્ત સાહસમાં માત્ર એક જીવનસાથી લાયક સંયુક્ત સાહસ વતી પીપીપી લોન અરજી દાખલ કરી શકે છે.

પાર્ટનરશીપ અને ભાગીદારો અવશ્યપણે ઉપર પ્રશ્ન 4માં નિર્દેશ આપ્યા અનુસાર લોનની રકમની ગણતરી કરે.

**20.** **પ્રશ્ન:** જો હું લોનની રકમની ગણતરી કરવા માટે શેડ્યૂલ C અને શેડ્યૂલ F બંનેમાંથી એકંદર આવકનો ઉપયોગ કરવા માટે લાયક સ્વ-રોજગાર વ્યક્તિ હોઉ તો, હું કેવી રીતે લોનની રકમની ગણતરી કરી શકુ?

**જવાબ:** સ્વ-રોજગાર વ્યક્તિ (કર્મચારી ધરાવતા હોય અથવા ના હોય) માટે શેડ્યૂલ Cમાંથી એકંદર આવકનો ઉપયોગ કરીને મહત્તમ લોનની રકમની ગણતરી કરવા માટે સંબંધિત માર્ગદર્શન અનુસરીને તમારી લોનની મહત્તમ રકમની ગણતરી કરો અને શેડ્યૂલ Fમાંથી એકંદર આવકનો ઉપયોગ કરીને અલગથી ગણતરી કરો. તમારી લોનની મહત્તમ રકમની ગણતરી કરવા માટે બંને પરિણામોને સાથે ઉમેરો. SBA ફોર્મ 2483-SD-C પર લાગુ થવા પાત્ર બોક્સ Aમાં , શેડ્યૂલ C અને શેડ્યૂલ F બંનેમાંની રકમ સહિત.

---

[32] ફેડરલ ઇન્કમ ટેક્સના હેતુ માટે લાયક સંયુક્ત સાહસ મતલબ (1) સંયુક્ત સાહસના ફક્ત સભ્યો વિવાહિત દંપતી છે કે જેઓ સંયુક્ત રિટર્ન ફાઇલ કરે છે અને દરેક તેમના ફોર્મ 1040 સાથે ફાઇલ શેડ્યૂલ C અથવા F ફાઇલ કરે છે (2) બંને જીવનસાથી ભૌતિક રીતે વેપાર અથવા વ્યવસાયમાં ભાગ લે છે અને (3) બંને જીવનસાથી ભાગીદાર તરીકે ના વર્તવા માટેનું પસંદ કરે છે.